EDII

Navgujarat Samay

January 21, 2017
Page No. 4

# મોરેશિયસના મંત્રી EDIIની મુલાકાતે: લઘુ ઉદ્યોગ યુગ શરૂ

**નવગુજરાત સમય** > અમદાવાદ

મોરેશિયસના બિઝનેસ, એન્ટરપ્રાઈઝ અને કો-ઓપરેટિવ મંત્રી સુનિલ ભોલા શુક્રવારે આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે એમબીઈસીના એક્ટિંગ પાર્લામેન્ટ સેક્રેટરી ડી.ગાઓનેડ્રાય અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર કો-ઓપરેટિવ આન્ત્રપ્રિન્યોરશીપના ડિરેક્ટર જી. શીચર્ને પણ ઈડીઆઈઆઈની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મંત્રી ભોલાએ જણાવ્યું હતું કે, 'અમે સ્ટાર્ટ-અપ્સ અને લઘુ ઉદ્યોગને માર્ગદર્શન અને તાલીમ આપવા માટે ઈડીઆઈઆઈની મદદ ઈચ્છીએં છીએ. જૂની ટેક્નોલોજીના વિકાસથી નાના અને મધ્યમ કદના ઉદ્યોગો (એસએમઈ)ને કેવી રીતે મહત્તમ લાભ મળી શકે તે બાબત ઉપર ધ્યાન આપી રહ્યાં છીએ. મોરેશિયસના ઉદ્યોગોના લાભાર્થે બંન્ને સંસ્થાઓ વચ્ચે સહયોગને મજબૂત બનાવવા વધુ બેઠકો અને ચર્ચા કરાશે.